**નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬.**

૧૦૦% રાજય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજનામાં ધિરાણની રકમ રૂ.૧.૦૦ લાખથી વધારી રૂ.૨.૦૦ લાખ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-**SJED/DPC/e-file/17/2024/2218/CHH-1**
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૪/૨૦૨૫.

15 APR 2025

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૧૭/૦૫/૨૦૧૭નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૭/૪૯૭૯૭૬/છ.૧.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2022/0001/CHH-1.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૮/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/ NWR/e-file/17/2023/0220/CHH-1.

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/3255/CHH-1.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૧/૦૩/૨૦૨૫નો પત્ર નં.DSD/NIT/e-file/226/2024/1091/Planning Branch.

**આમુખ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે અને વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવથી નિગમના આર્ટીકલ્સ ઓફ એસોશિયેશન અને મેમોરેન્ડમ ઓફ એસોશિયેશન બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમ વર્ષ ૨૦૨૧થી ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના નેશનલ હેન્ડીકેપ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (National Handicapped Finance and Development Corporation), નવી દિલ્હીની ચેનેલાઇઝીંગ એજન્સી તરીકે કાર્યરત છે. રાજયના દિવ્યાંગજનોની વસ્તીને ધ્યાને લઈ, ૧૦૦% રાજય સરકારની દિવ્યાંગજન મુદતી ધિરાણ યોજના શરૂ કરવા બાબતે વર્ષ ૨૦૨૨-૨૩ના સમયગાળા માટે વંચાણે લીધેલ ક્રમાંક(૩) ના વિભાગના તા.૧૯/૦૪/૨૦૨૨ના ઠરાવથી તથા વર્ષ ૨૦૨૩-૨૪ના સમયગાળા માટે વંચાણે લીધેલ ક્રમાંક(૪) ના વિભાગના તા.૧૮/૦૮/૨૦૨૩ના ઠરાવથી તેમજ વર્ષ ૨૦૨૪-૨૫ના સમયગાળા માટે વંચાણે લીધેલ ક્રમાંક(૫) ના વિભાગના તા.૧૪/૦૩/૨૦૨૪ના ઠરાવથી નવી બાબત તરીકે મંજૂરી આપેલ હતી.

રાજયના દિવ્યાંગજનોની વસ્તીને ધ્યાને લઈ ૧૦૦% રાજય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજનામાં ધિરાણની રકમ રૂ.૧.૦૦ લાખથી વધારી રૂ.૨.૦૦ લાખ સુધી કરવા બાબતે વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં કુલ રૂ.૬/- કરોડની નવી બાબતને સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની વંચાણે લીધેલ ક્રમાંક(૬) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ૧૦૦% રાજય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજનામાં ધિરાણની રકમ રૂ.૧.૦૦ લાખથી વધારી રૂ.૨.૦૦ લાખ સુધી કરવા બાબતની વર્ષ ૨૦૨૫-૨૬ની કુલ રૂ.૬/- કરોડની નવી બાબતને નીચેની વિગતો/શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**ધિરાણનો હેતુ:**

લાભાર્થીને નિગમ દ્વારા મંજૂર કરેલ અલગ અલગ સ્વરોજગારના ધંધા માટે નક્કી કરેલ યુનિટ કોષ્ટ મૂજબ મહત્તમ રૂ.૨.૦૦ લાખની મર્યાદામાં ધિરાણ પૂરૂ પાડવામાં આવશે. કોમ્પ્યુટર ડ્રો મારફતે પસંદગી પામેલ ૨૫૦ લાભાર્થીઓને રૂ.૨.૦૦ લાખ સુધી તેમજ ૧૦૦ લાભાર્થીઓને રૂ.૧.૦૦ લાખ સુધી આમ કુલ યુનિટ ૩૫૦ને ધિરાણ આપવાનુ રહેશે.

**લાભાર્થી યોગ્યતા અને પસંદગી:**

પ્રસ્તુત યોજના માટે લાભાર્થીએ ગુજરાત રાજ્યનો વતની અને દિવ્યાંગોનો અધિકાર અધિનિયમ-૨૦૧૬ માં દર્શાવેલ ૨૧ પ્રકારની દિવ્યાંગતા પૈકીની કોઈ પણ દિવ્યાંગતાનુ ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતાનુ પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇશે. તેમજ લાભાર્થીને તેની દિવ્યાંગતાના પ્રકાર અને ટકાવારી તેમજ જે તે જિલ્લાની વસ્તી અને તેના પ્રતિનિધિત્વના આધાર પર કોમ્પ્યુટર ડ્રો સિસ્ટમથી લાભાર્થીની પસંદગી થશે અને ડ્રો સિસ્ટમથી પસંદગી થયેલ લાભાર્થીને ધિરાણની મંજૂરી નિગમના નિયામક મંડળ (લાભાર્થી પસંદગી સમિતિ) દ્વારા આપવામાં આવશે.

**ધિરાણની મુદ્દત અને વ્યાજનો દર:**

વંચાણે લીધા ક્રમાંક (૩)તા.૧૯/૦૪/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક-SJED/NIR/e-file/17/2022/0001/chh-1 Section ની શરતો અને જોગવાઈ મુજબ નિયત થયેલ વ્યાજ દર મુજબ તે ઉપરાંતના ધિરાણ પર વ્યાજદર નીચે મુજબ છે, અને ધિરાણ ભરપાઈ કરવાની મુદ્દત પાંચ વર્ષ રહેશે. જે ધિરાણ પૂરૂ પાડવામાં આવશે તે સબસિડી વિનાનુ રહેશે. આ યોજનામાં અંતિમ વ્યાજનો દર કેન્દ્રની National Divyangjan Finance and Development Corporation લોન લેન્ડીંગ પોલીસીને આધીન રહેશે.

| ક્રમ નં. | લોનની રકમ | વ્યાજના દર રાજ્ય (%) | નિગમનો વ્યાજ દર (%) | વ્યાજનો દર લાભાર્થી કક્ષાએ(%) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫(૩+૪) |
| ૧ | રૂ.૧,૦૦,૦૦૧ થી રૂ.૨,૦૦,૦૦૦ સુધી | ૪% | ૨% | ૬% |

**શરતો:**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી, તે મુજબનુ આયોજન કરવાની તકેદારી મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમે રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર મારફતે કરવાનો રહેશે.

(૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્રિત કરવાની રહેશે.

(૬) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૭) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૮) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૯) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૧) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે

(૧૨) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે

(૧૩) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૯) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૨૦) સદરહુ યોજનાની મંજૂરી સમયે દરખાસ્ત સાથે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમની કચેરીની રહેશે.

(૨૧) વંચાણે લીધેલ ક્રમાંક(૩) પરના વિભાગના ઠરાવ ક્રમાંક:-SJED/NIR/e-file/17/2022/0001/CHH-1, તા.૧૯/૦૪/૨૦૨૨ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાં વિભાગની મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી )

સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમની કચેરી, ભોંયતળીયે, બ્લોક નં.૩, એફ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.